# પૂર્વાંચલમાં શ્વેતક્રાંતિનું સર્જન અને “સહકાર થી સમૃદ્ધિ” ના સંકલ્પ સાકાર કરશે બનાસ કાશી સંકુલ, વારાણસી




પ્રકાશનઃ- ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો. ૨૦, પાલનપુર-૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best

બનાસની ધરતીનો
# ધબકાર

અંક : ૧૪| ફેબ્રુઆરી-૨૦૨૪ www.banasdairy.coop banasdairy1969 banasdairy1969 banasdairy1969 banasdairymedia

**બનાસથી બનારસનું સ્વપ્ન થયું સાકાર. યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના કર કમલોથી બનાસ કાશી સંકુલનું થયું લોકાર્પણ.**

**ચેરમેન શ્રી શંકરભાઈએ વારાણસી ખાતે બનાસકાંઠાની સંસ્કૃતિ સમાન પાઘડી પહેરાવીને મોદીજીનું સ્નેહભર્યું સ્વાગત કર્યું.**

**બનાસ ડેરીનાં પટાંગણમાં સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ સાથે યોજાઈ ભગવાન શ્રી દુધેશ્વર મહાદેવનાં મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા.**



# બનાસથી બનારસનું સ્વપ્ન થયું સાકાર
# યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના કરકમલોથી
# બનાસ કાશી સંકુલનું થયું લોકાર્પણ




- ખેડૂતો અને પશુપાલકો માટે સારા સમાચાર ! વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ વારાણસીમાં બનાસ ડેરીનાં પ્લાન્ટનું કર્યું ઉદ્ઘાટન.
- આ પ્લાન્ટની સ્થાપનાથી પૂર્વાંચલના ખેડૂતો અને ગૌપાલકોને ફાયદો થશે.
- આ પ્લાન્ટથી લગભગ ૧ લાખ લોકોને પરોક્ષ રોજગાર મળશે.
- પૂર્વાંચલના ખેડૂતો અને પશુપાલકોની આવક પણ બમણી થશે.
- બનાસ ડેરીને પૂર્વાંચલના લોકોને બનાસ ડેરીએ આપી દૂધ ઉત્પાદન, રોજગાર, સમૃદ્ધિ, સશક્તિકરણ, સશક્તતાની અમૂલ્ય ભેટ.

વારાણસી ખાતે અંદાજિત ૬૨૨ કરોડ રૂપિયાના ખર્ચે ૩૦ એકર જમીન ઉપર નિર્માણ થયેલ બનાસ કાશી સંકુલ ઉત્તર પ્રદેશને સહકારી ક્ષેત્રમાં વિકાસ મોડેલ તરીકે તૈયાર કરવા માટેનું એક સીમાચિહ્ન છે. જેના થકી ગુજરાતની સાથે સાથે હવે ઉત્તર પ્રદેશમાં પણ શ્વેતક્રાંતિનો ઈતિહાસ રચાશે અને સહકાર માત્ર વ્યવસ્થા જ નહિ પરંતુ મજબુત વિચારધારા બની જશે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના શુભહસ્તે ૨૩ ડિસેમ્બર, ૨૦૨૧ ના રોજ બનાસ કાશી સંકુલનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું સંસ્કૃતિ, સભ્યતા અને શ્રદ્ધાની નગરી વારાણસીમાં હવે બનાસડેરી નવા યુગનું નિર્માણ કર્યું છે. મજબુત ઇરાદા, અતુટ વિશ્વાસ અને દ્રઢ ઇચ્છાશક્તિ સાથે બનાસ કાશી સંકુલનું નિર્માણ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનાં માર્ગદર્શન અને ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીનાં નેતૃત્વમાં કરવામાં આવ્યું છે. ઉત્તર પ્રદેશમાં પશુપાલનના વ્યવસાયનું પ્રમાણ વધશે, પશુપાલકો અને ખેડુતો સમૃદ્ધ, સશક્ત અને આત્મનિર્ભર બનશે.



દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશભરમાં સહકાર એ માત્ર એક વ્યવસ્થા નથી રહી પરંતુ એક વિચારધારા બની ગઈ છે. તેમના પ્રયાસો અને માર્ગદર્શનને કારણે સહકારી ક્ષેત્ર મજબૂત, સમૃદ્ધ અને શક્તિશાળી બની રહ્યું છે. વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડુતોની આવક બમણી કરવાનું તેમનું સપનું હતું, બસ આ સપનું સાકાર કરવા માટે તેમના માર્ગ અને વિચારધારા પર ચાલીને બનાસ ડેરી હવે બનારસમાં શ્વેતક્રાંતિ લાવશે, ખેડૂતો અને પશુપાલકોના જીવનમાં સુધારો અને સકારાત્મક પરિવર્તન લાવશે. બનાસકાંઠા સહકારનું ધામ છે અને બનારસ એ મૂલ્યોનું ધામ છે, જ્યારે આ બંને સ્થળો એક થઈને કામ કરશે ત્યારે માત્ર બનારસમાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં શ્વેતક્રાંતિ આવશે અને દેશ આત્મનિર્ભર બનશે. જેના કારણે ભારત સહકારી ક્ષેત્રે વિશ્વભરમાં પોતાનું નામ રોશન કરશે એવું ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પ્રજાજનોને પોતાના સંબોધનમાં જણાવ્યું હતું.

**બનાસ ડેરી હવે ઉત્તર પ્રદેશમાં સ્વાવલંબન, રોજગાર અને શ્વેતક્રાતિ લાવશે.**

યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ૨૩ ફેબ્રુઆરીનાં રોજ બનાસ ડેરી દ્વારા ૩૦ એકર જમીનમાં રૂા. ૬૨૨ કરોડના ખર્ચે નિર્મિત બનાસ કાશી સંકુલનું લોકાર્પણ કર્યું. આ પ્લાન્ટથી લગભગ ૧ લાખ લોકોને પરોક્ષ રોજગાર મળશે. આ ઉપરાંત, તેની શરૂઆત સાથે પૂર્વાંચલના ખેડૂતો અને પશુપાલકોની આવક પણ બમણી કરશે. આ પ્લાન્ટમાં વર્ષના અંતમાં દૂધ ઉત્પાદકોને તેના ડિવિડન્ડનો અમુક ટકા પણ આપશે. પૂર્વાંચલના લોકો બનાસ ડેરીના દૂધની સાથે મીઠાઈ, આઈસ્ક્રીમ, પનીર, ખોયા, ઘી અને અન્ય દૂધની બનાવટોનો સ્વાદ ચાખી શકશે.

**બનાસ ડેરી પ્લાન્ટની ક્ષમતા.**

- લિક્વિડ મિલ્ક પ્રોસેસિંગ : ૮ LLPD (લાખ લિટર)
- પાઉચ મિલ્ક પેકિંગ ક્ષમતા : ૫ LLPD (લાખ લિટર)
- બટર મિલ્ક ઉત્પાદન ક્ષમતા : ૭૫ KLPD (કિલો લિટર)
- દહીં ઉત્પાદન ક્ષમતા : ૫૦ MTPD (મેટ્રિક ટન)
- લસ્સી ઉત્પાદન ક્ષમતા : ૧૫ KLPD (કિલો લિટર)
- આઈસક્રીમ ઉત્પાદન ક્ષમતા : ૭૦ KLPD (કિલો લિટર)
- પનીર ઉત્પાદન ક્ષમતા : ૨૦ MTPD (મેટ્રિક ટન)
- મીઠાઈ ઉત્પાદન પ્લાન્ટ : ૧૦ MTPD (મેટ્રિક ટન)






ભવિષ્યમાં, આ સંકુલની અંદર ૧૯ જેટલા એલએલપીડી પ્લાન્ટ્સની પણ જોગવાઈ કરવામાં આવી છે. આ સાથે બાળકો અને મહિલાઓને પોષણ પુરું પાડવા માટે અમૂલ બેકરી પ્લાન્ટ અને ટેક હોમ રાશન પ્લાન્ટનો પણ આ માસ્ટર પ્લાનમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

**પાંચ જિલ્લાના ખેડૂતોને ફાયદો થશે.**

બનાસ ડેરીથી વર્તમાનમાં ૫ જિલ્લા ગાઝીપુર, મિર્ઝાપુર, ચંદૌલી, વારાણસી, સંતરવિદાસ નગરના ખેડૂતો લાભ લઈ રહ્યા છે. ભવિષ્યમાં, જૌનપુર, આઝમગઢ, કૌશામ્બી, પ્રયાગરાજ, આંબેડકરનગર, બલિયા, મૌ, કુશીનગર, મહારાજગંજ, સિદ્ધાર્થનગર, બસ્તી, સંત કબીર નગર, ગોરખપુરના ખેડૂતો અને પશુપાલકોને ફાયદો થશે. આ પ્લાન્ટમાં કુદરતી સંસાધનોનો ઉપયોગ ઘટાડવા માટે, ૪ LLPD ક્ષમતાના ETP પ્લાન્ટ (પાણીનો પુનઃઉપયોગ, ઘરની સંભાળ, બાગકામ અને બોઇલર) નો ઉપયોગ કરવામાં આવશે.

કાશીમાં બનાસ ડેરીના ઉદ્ઘાટન થતાં ત્યાંના ૧૩૪૬ ગામોના લગભગ ૧ લાખ કરતાં વધુ ખેડૂતો અને પશુપાલકોને દૂધ ઉત્પાદનનાં વ્યવસાયથી ફાયદો થશે તથા આ પ્રોજેક્ટથી પ્લાન્ટમાં લગભગ ૭૫૦ લોકોને પ્લાન્ટમાં સીધી રોજગારી મળશે અને લગભગ ૨૩૫૦ લોકોને ફિલ્ડમાં રોજગારી મળશે, જે પ્રદેશની આવક અને સર્વાંગી વિકાસનો સ્ત્રોત બનશે. આ પ્લાન્ટમાં આધુનિક ટેક્નોલોજીના સાધનો લગાવવામાં આવ્યા છે. તે સંપૂર્ણપણે સ્વ-સંચાલિત હશે. ૫ થી ૫૦ કિલોમીટરની ત્રિજ્યામાં દૂધ એકત્ર કરવા માટે પાંચ ચિલિંગ સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે. પૂર્વાંચલમાં કુલ ૧૩ ચિલિંગ સેન્ટર હશે. બનાસ ડેરી દરેક ગામમાં દૂધ સંગ્રહ કેન્દ્રો ખોલશે. આ માટે દરેક ગામમાં દૂધ ખરીદ સમિતિની રચના કરવામાં આવી રહી છે, જે પ્રમાણભૂત ઓપરેટિંગ પ્રક્રિયા મુજબ દૂધ ખરીદશે. કંપનીના વાહનમાંથી નિયત સમયે દૂધ એકત્ર કરવામાં આવશે. બનાસ ડેરીનો આ નવો પ્લાન્ટ અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું માર્ગદર્શન વારાણસીના લોકોના જીવનમાં અભૂતપૂર્વ પરિવર્તન, સરળતા, સગવડતા અને સુવિધાઓ લાવશે.

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે છેલ્લા ૭-૮ વર્ષોમાં બનાસ ડેરી સ્થાનિક સમુદાયો, ગુજરાત બહારના સમુદાયો, ખાસ કરીને ખેડૂતો, પશુપાલકો અને મહિલાઓને સશક્ત બનાવવાનું કેન્દ્ર બની ગયું છે. ઉત્તર પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, ઓડીશા, આંધ્રપ્રદેશ અને ઝારખંડ જેવા રાજ્યોમાં બનાસ ડેરીએ પોતાની શાખાઓ શરૂ કરીને ખેડૂતો અને પશુપાલક સમુદાયને મદદ કરી છે. સહકારી વિચારધારાના વિસ્તરણથી દેશના ખેડૂતો-પશુપાલકો સમૃદ્ધ બને તથા તેમની આવક વધે તે માટે બનાસ ડેરી સતત પ્રયત્નશીલ છે. ભવિષ્યમાં, બનાસ ડેરી સારી જાતિના પશુ ઓલાદ માટે કૃત્રિમ બીજદાનની પણ જોગાઈ ધરાવે છે, જેથી વધુ દૂધ ઉત્પાદન મેળવી શકાય. કંપની દૂધ ઉત્પાદકોને ઉચ્ચ ગુણવત્તાનો પશુ આહાર પણ આપશે.

**બનાસ કાશી સંકુલનાં નિર્માણથી થતાં ફાયદાઓ.**

- રોજગારીનું સર્જન થશે.
- ઉત્તર પ્રદેશની અર્થવ્યવસ્થા મજબુત થશે.
- વિકાસયાત્રાને વેગ મળશે.
- પશુપાલન વ્યસાયનો વ્યાપ વધારશે.
- સમૃદ્ધિ અને સુખાકારીમાં વધારો થશે.
- સહકારી ભાવના સાથે લોકો જોડાશે.
- શ્વેતક્રાંતિનું સર્જન થશે.

યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ સહકારી ક્ષેત્રને સશક્ત, સક્ષમ અને સ્વાવલંબી બનાવવા રાષ્ટ્રને આપેલી “સહકારથી સમૃદ્ધિ” ની પરિકલ્પનાને સાકાર કરવાના ઉદ્દેશ્ય સાથે બનાસ ડેરી દ્વારા કાર્ય કરાઈ રહ્યા છે અને આત્મનિર્ભરતાના અભિયાનને બળ મળી રહ્યું છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં ઉત્તર પ્રદેશના સહકારી ક્ષેત્રના વિકાસને નવી ગતિ આપવા માટે, તેને વધુ મજબૂત બનાવવા અને તેને સ્વર્સ્પર્શીય તેમજ સર્વસ્પર્શી વિકાસનું મોડેલ બનાવવા માટે બનાસ ડેરી દ્વારા સતત કામ કરવામાં આવી રહ્યું છે, જેના કારણે આજે બનાસ ડેરીનું સહકારી મોડલ અને ભાવના સમગ્ર દેશ માટે પ્રેરણાદાયી બન્યું છે. બનાસ કાશી સંકુલના નિર્માણ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય અંતરિયાળ કે છેવાડાના વિસ્તારમાં રહેતી દરેક વ્યક્તિને સહકારી ભાવના સાથે જોડીને આર્થિક વિકાસ સાથે જોડવાનો છે. વિકાસલક્ષી પ્રકલ્પો થકી વારાણસીના સ્થાનિક ખેડૂતોનું સશક્તિકરણ થશે અને આ પ્રદેશમાં ગ્રામીણ અર્થતંત્રને ઘણો વેગ મળશે. બનાસ ડેરીનું સહકારી ક્ષેત્ર આત્મનિર્ભર ઉત્તર પ્રદેશની ઉર્જા તરીકે ઉભરી આવશે. આત્મનિર્ભર ઉત્તર પ્રદેશના નિર્માણ માટે બનાસ કાશી સંકુલ એ બહેતરીન મોડલ છે. ગામડાઓ ને મોડેલ કો-ઓપરેટીવ ગ્રામ્ય વિસ્તાર બનાવવાની દિશામાં કાર્ય કરશે.







# નવનિર્મિત બનાસ કાશી સંકુલ, વારાણસીનાં વિવિધ પ્લાન્ટની મુલાકાત કરતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી















# બનાસ કાશી સંકુલ, વારાણસી લોકાર્પણ પ્રસંગે પ્રધાનમંત્રીનાં સંબોધનનો મૂળપાઠ



યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ પોતાના સંબોધનમાં શરૂઆતમાં બનાસ ડેરીની મુલાકાત લેવાનો અને કેટલીક પશુપાલક મહિલાઓ સાથે વાતચીત કરવાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે કૃષિ પૃષ્ઠભૂમિની મહિલાઓમાં જાગૃતતા લાવવા માટે ૨-૩ વર્ષ અગાઉ ગીર ગાયની સ્વદેશી જાતિઓ પ્રદાન કરવામાં આવી હતી. ગીર ગાયોની સંખ્યા હવે લગભગત ૩૫૦ સુધી પહોંચી ગઈ તેની નોંધ લઈને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ જણાવ્યું હતું કે, એતો સામાન્ય ગાયો દ્વારા ઉત્પાદિત ૫ લિટર દૂધની સરખામણીએ ૧૫ લિટર દૂધનું ઉત્પાદન કરે છે. તેમણે ઉમેર્યું હતું કે, આવી જ એ ગીર ગાય ૨૦ લિટર દૂધનું ઉત્પાદન કરી રહી છે, જે મહિલાઓ માટે વધારાની આવક ઉભી કરે છે, જે તેમને લખપતિ દીદી બનાવે છે. તેમણે ઉમેર્યું હતું કે, દેશમાં સ્વસહાય જૂથો સાથે સંકયાળેલી ૧૦ કરોડ મહિલાઓ માટે આ એક મોટી પ્રેરણા છે. બે વર્ષ અગાઉ બનાસ ડેરીના શિલાન્યાસના કાર્યક્રમને યાદ કરતા વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે તે દિવસે આપવામાં આવેલી ગેરેન્ટી આજે લોકોની સામે છે. તેમણે કહ્યું હતું કે બનાસ ડેરી યોગ્ય રોકાણ મારફતે રોજગારીનું સર્જન કરવા માટેનું એક સારૂ ઉદાહરણ છે. બનાસ ડેરી વારાણસી, મિર્ઝાપુર, ગાજીપુર અને રાયબરેલીમાંથી લગભગ ૨ લાખ લિટર દૂધ એકઠું કરે છે. નવો પ્લાન્ટ શરૂ થવાની સાથે જ બલિયા, ચંદૌલી, પ્રયાગરાજ અને જૌનપુરના પશુપાલકોને પણ લાભ થશે. આ પરિયોજના અંતર્ગત વારાણસી, જૌનપુર, ચંદૌલી, ગાઝીપુર અને આઝમગઢ જિલ્લાના ૧૦૦૦ થી વધુ ગામોમાં નવી દૂધ મંડીઓ શરૂ થશે. વડાપ્રધાનશ્રીએ જણાવ્યું

હતું કે બનાસ કાશી સંકુલ હજારો નવી રોજગારીની તકોનું સર્જન કરશે. મોદીજી એ એક અંદાજ મુજબ કહ્યું કે, બનાસ કાશી સંકુલ 3 લાખથી વધુ ખેડૂતોની આવકને પ્રોત્સાહન આપશે. તેમણે માહિતી આપી હતી કે, આ એકમ છાશ, દહીં, લસ્સી, આઈસ્ક્રીમ, પનીર અને પ્રાદેશિક મીઠાઈઓ જેવી અન્ય ડેરી પેદાશોનું ઉત્પાદન પણ હાથ ધરશે. પીએમ મોદીએ જણાવ્યું હતું કે, આ પ્લાન્ટ ભારતના દરેક ખૂણે બનારસની મીઠાઈઓ લઈ જવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. તેમણે રોજગારના સાધન અને પ્રાણી પોષણ ઉદ્યોગને વેગ આપવા માટે દૂધના પરિવહન પર પણ વાત કરી.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ડેરીના નેતૃત્વને પશુપાલક બહેનોના ખાતમાં ડિજિટલ રીતે નાણાં સીધા હસ્તાંતરિત કરવાની વ્યવસ્થા વિકસાવવા વિનંતી કરી હતી અને ડેરી ક્ષેત્રમાં મહિલાઓનું વર્ચસ્વ-યોગદાન નોંધ્યું હતું. તેમણે નાના ખેડૂતો અને જમીન વિહોણા મજૂરોને મદદ કરવામાં પશુપાલનની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. ઉર્જા દાતાથી ઉર્વરકદાતા સુધી અન્નદાતા બનાવવાની સરકારની કટિબદ્ધતાનો કર્યો હતો. તેમણે ગોબર ધનમાં તક વિશે માહિતી આપી હતી અને બાયો સીએનજી અને ઓર્ગેનિક ખાતર બનાવવા માટે ડેરીમાં પ્લાન્ટ વિશે વાત કરી હતી. ગંગા નદીના કિનારે પ્રાકૃતિક ખેતીના વધતા પ્રવાહની નોંધ લઈને ગોબર ધન યોજના હેઠળ જૈવિક ખાતરની ઉપયોગિતાનો સ્વીકાર કર્યો હતો. એનટીપીસી દ્વારા શહેરી કચરાને ચારકોલ પ્લાન્ટનો ઉલ્લેખ કરીને મોદીજીને કાશીના "કચરાને કંચન' બનાવવાની ભાવનાની પ્રશંસા કરી હતી.

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કહ્યું હતું કે કિસાન ઔર પશુપાલક સરકારની સૌથી મોટી પ્રાથમિકતા છે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, ગત મંત્રીમંડળની બેઠકમાં શેરડીમાં એફઆરપીમાં સુધારો કરીને ક્વિન્ટલ દીઠ રૂા. ૩૪૦ કરવામાં આવ્યો હતો અને રાષ્ટ્રીય પશુધન અભિયાનમાં સુધારા સાથે પશુધન વીમા કાર્યક્રમને સરળ બનાવવામાં આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, ખેડૂતોની બાકી નીકળતી રકમ જ નહીં, પરંતુ પાકના ભાવમાં પણ વધારો કરવામાં આવી રહ્યો છે.

વડાપ્રધાનશ્રીએ અગાઉની અને વર્તમાન સરકારની વિચાર પ્રક્રિયા વચ્ચેનાં તફાવત પર પ્રકાશ પાડતાં કહ્યું હતું કે ભારત વિકસિત ભારતનો પાયો બનશે. તેમણે જણાવ્યું હતું કે, દેશમાં નાની સંભાવનાઓને પુનઃજીવિત કરવામાં આવશે અને નાના ખેડૂતો, પશુપાલકો, શિલ્પકારો અને લઘુ અને મધ્યમ ઉદ્યોગોને સહાય પ્રદાન કરવામા આવશે, ત્યારે જે ભારત વાસ્તવિકતામાં પરિવર્તિત થશે. મોદીજીએ જણાવ્યું હતું કે વોકલ ફોર લોકલ માટેનો કોલ એ બજારના નાના ખેલાડીઓ માટે એક જાહેરાત છે, જેઓ ટેલિવિઝન અને અખબારોની જાહેરાતો પર ખર્ચ કરી શકતા નથી. મોદી પોતે સ્વદેશી ચીજવસ્તુઓનું ઉત્પાદન કરનારાઓની જાહેરાત કરે છે. તેમણે કહ્યું મોદી દરેક નાના ખેડૂત અને ઉદ્યોગના રાજદૂત છે, પછી ભલે તે ખાદી, રમકડા ઉત્પાદકો, મેક ઇન ઈન્ડિયા અથવા દેખો અપના દેશનું પ્રમોશન હોય. તેમણે નોંધ્યું હતું કે, આ પ્રકારનાં કોલની અસર કાશીમાં જ જોવા મળી શકે છે, જ્યાં વિશ્વનાથ ધામનાં કાયાકલ્પ પછી ૧૨ કરોડથી વધારે પ્રવાસીઓએ આ શહેરની મુલાકાત લીધી છે, જેના પગલે આવકમાં વધારો થયો છે અને રોજગારીની તકોમાં વધારો થયો છે. વારાણસી અને અયોધ્યા માટે ઇનલેન્ડ વોટરવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (આઈડબલ્યુઆઈ) દ્વારા પ્રદાન કરવામાં આવેલા ઈલેક્ટ્રિક કેટામારન જહાજના પ્રક્ષેપણનો ઉલ્લેખ કરતાં પીએમ મોદીએ કહ્યું હતું કે, આ મુલાકાત લેનારાઓ માટે એક અનોખો અનુભવ પેદા કરશે.

મોદીજીએ અગાઉના સમયમાં વંશવાદના રાજકારણ, ભ્રષ્ટાચાર અને તુષ્ટિકરણની ખરાબ અસર વિશે પણ વિસ્તૃત વર્ણન કર્યું હતું. તેમણે કાશીના યુવાનોને અમુક ક્ષેત્રો દ્વારા બદનામ કરવાની પણ ટીકા કરી હતી. તેમણે યુવાનો અને રાજવંશના રાજકારણના વિકાસ વચ્ચેના વિરોધાભાસને પ્રકાશિત કર્યો. તેમણે આ દળોમાં કાશી અને અયોધ્યાના નવા સ્વરૂપ માટે નફરતની પણ નોંધ લીધી હતી.પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું હતું કે, મોદીનો ત્રીજો કાર્યકાળ ભારતની  ક્ષમતાઓને દુનિયામાં મોખરે લાવશે તથા ભારતનાં આર્થિક, સમાજિક, વ્યૂહાત્મક અને સાંસ્કૃતિક ક્ષેત્રો નવી ઊંચાઈએ હશે. ભારતની પ્રગતિનો ઉલ્લેખ કરીને મોદીજીએ ઉલ્લેખ કર્યો હતો કે, છેલ્લા ૧૦ વર્ષમાં ૧૧ માં ક્રમેથી વિશ્વની ૫ મી સૌથી મોટી અર્થવ્યવસ્થામાં કૂદકો મારવામાં આવ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું



કે, આગામી ૫ વર્ષમાં ભારત ત્રીજું સૌથી મોટુ અર્થતંત્ર બની જશે. પીએમ મોદીએ એ વિશ્વાસની પુષ્ટિ કરી હતી કે ડિજિટલ ઇન્ડિયા, રસ્તાઓ પહોળા કરવા, આધુનિક રેલવે સ્ટેશનો અને વંદે ભારત, અમૃત ભારત અને નમો ભારત ટ્રેનો જેવા વિકાસ કાર્યોને આગામી ૫ વર્ષમાં વેગ આપવામાં આવશે. પીએમ મોદીએ કહ્યું કે, પૂર્વી ભારતને વિકસિત ભારતનું ગ્રોથ એન્જિન

બનાવવાની મોદીની ગેરંટી પીએમ મોદીએ કહ્યું કે, આ ક્ષેત્ર વિકાસથી વંચિત રહી ગયું છે. વારાણસી થી ઔરંગાબાદ સુધીના છ લેનના હાઈવેના પ્રથમ તબક્કાના ઉદ્ઘાટન પ્રસંગે મોદીજીએ જણાવ્યું હતું કે વારાણસી-રાંચી-કોલકાતા એક્સપ્રેસવે આગામી પાંચ વર્ષમાં પૂર્ણ થવાથી ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળ વચ્ચેનું અંતર ઘટશે. તેમણે ઉમેર્યું હતું કે, ભવિષ્યમાં બનારસથી કોલકાતા સુધીની મુસાફરીનો સમય લગભગ અડધો થઈ જશે.

પ્રધાનમંત્રીશ્રી એ આગામી ૫ વર્ષમાં કાશીના વિકાસના નવા આયામોની અપેક્ષા રાખી હતી. તેમણે કાશી રોપ-વેનો ઉલ્લેખ કર્યો હતો અને એરપોર્ટની ક્ષમતામાં ઝડપથી થયેલા વધારાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, કાશી દેશમાં એક મહત્વપૂર્ણ સ્પોર્ટ્સ સિટી સ્વરૂપે બહાર આવશે. તેમણે મેક ઇન ઇન્ડિયા અને આત્મનિર્ભર ભારત અભિયાનમાં કાશીનો મોટો ફાળો આપનાર તરીકે પણ સ્વીકાર કર્યો હતો. તેમણે માહિતી આપી હતી કે, આગામી ૫ વર્ષમાં કાશી રોજગાર અને કૌશલ્યનું કેન્દ્ર બની જશે. આ સમયગાળા દરમિયાન નેશનલ ઈન્સ્ટિટ્યૂશન ઓફ ફેશન ટેક્નોલોજી કેમ્પસ પણ પૂર્ણ કરવામાં આવશે, જે આ વિસ્તારના યુવાનો અને વણકરો માટે નવી તકોનું સર્જન કરશે. મોદીજીએ કહ્યું હતું કે, છેલ્લાં એક દાયકામાં અમે કાશીને સ્વાસ્થ્ય અને શિક્ષણનાં કેન્દ્ર સ્વરૂપે નવી ઓળખ આપી છે. હવે તેમાં એક નવી મેડિકલ કોલેજનો પણ ઉમેરો થવા જઈ રહ્યો છે. બીએચયુમાં નેશનલ સેન્ટર ઓફ એજિંગની સાથે જ આજે ૩૫ કરોડ રૂપિયાના ઘણા ડાયગ્નોસ્ટિક મશીન અને ઉપકરણોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. હોસ્પિટલમાંથી બાયો-જોખમી કચરાને પહોંચી વળવા માટેની સુવિધા પણ વિકસાવવામાં આવી રહી છે.

સંબોધનના સમાપનમાં વડપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કહ્યું હતુ કે કાશી અને ઉત્તરપ્રદેશનો ઝડપી વિકાસ ચાલુ રહેવો જોઈએ તથા તેમણે કાશીનાં દરેક નિવાસીને એક થવા અપીલ કરી હતી. તેમણે અંતમાં જણાવ્યું હતું કે, જો દેશ અને દુનિયાને મોદીની ગેરંટી પર આટલો બધો વિશ્વાસ છે, તો તે તમારા સ્નેહ અને બાબાના આશીર્વાદને કારણે છે.



# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો વારાણસીની મહિલા પશુપાલકો સાથેનો આત્મીય અને પ્રોત્સાહક સંવાદ

## મહિલા પશુપાલકોને મળીગીર ગાય સાથે સેલ્ફી નવું સ્ટાર્ટઅપ અને આર્થિક સંકટમાંથી રાહત...



બનાસ કાશી સંકુલ, વારાણસી પ્લાન્ટનાં લોકાર્પણ કાર્યક્રમની શરૂઆતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ગીર ગાયો થકી પશુપાલનનો વ્યવસાય કરતી મહિલા પશુપાલકો સાથે વાતચીત કરી હતી. મહિલાઓ પશુપાલકોએ જણાવ્યું હતું કે કેવી રીતે ગીર ગાયના આગમનથી તેમના પરિવારનું જીવન બદલાઈ ગયું. જેના પર વડાપ્રધાનશ્રીએ કહ્યું કે મને એ જાણીને ખૂબ જ આનંદ થયો છે કે ગીર ગાયના કારણે અહીંની મહિલાઓના જીવનમાં પરિવર્તન આવ્યું છે. યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ આ વાતચીતનો વીડિયો પણ પોતાના "x" એકાઉન્ટ પર શેર કર્યો છે. મહિલા શક્તિનું સશક્તિકરણ એ અમારી સરકારીની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. બાબા વિશ્વનાથના શહેરની માતાઓ અને બહેનો તરફથી એ જાણીને ખૂબ જ સંતોષ થયો કે ગીર ગાય મળ્યા બાદ તેમના જીવનમાં ઘણો બદલાવ આવ્યો છે એવું તેઓશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ મહિલા પશુપાલકોને પૂછ્યું કે શું તેમને ક્યારેય ગાય સાથે સેલ્ફી લેવાનું બન્યુ છે. તેના પર ઘણી મહિલાઓએ કહ્યું કે અમે અમારી ગાય સાથે ઘણી સેલ્ફી લીધી છે. મોદીજીએ કહ્યું કે અમે ગુજરાતમાં નિયમ બનાવ્યો છે કે દૂધના પૈસા કોઈ પુરૂષોને નહિં, પરંતુ માત્ર મહિલાઓના ખાતામાં સીધા ટ્રાન્સફર કરવાના રહેશે. હવે બનાસ ડેરી વારાણસીમાં પણ શ્વેતક્રાંતિનું સર્જન કરશે એટલે અહીં હું એ પણ જાહેરાત કરીશ કે દૂધના પૈસા સીધા મહિલાઓના ખાતામાં જશે. આ પછી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ હસીને કહ્યું, "તો એવું નહીં થાય કે મોદીજીએ ઘરમાં ઝઘડો કરાવી દીધો" આટલું બોલતાની સાથે જ મહિલાઓ પણ હસવા લાગી હતી.

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ મહિલા પશુપાલકો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે મહિલા શક્તિનું સશક્તિકરણ એ અમારી સરકારની ટોચની પ્રાથમિકતા છે. આ





વાતસીત દરમિયાન એક મહિલાએ જણાવ્યું કે અમારા બાળકો ગીર ગાય સાથે તેમા વિચારો શેર કરે છે. ગાયોની સાથે રમતી વખતે ગળે લગાવીને વ્હાલ કરે છે.

### "ગીર ગાયોની સંખ્ય ૩૫૦ની આસપાસ પહોંચી"

ગીર ગાય માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર માનતા એક મહિલાએ કહ્યું કે તે બોનસના પૈસાથી વર્મી કમ્પોસ્ટનું કામ કરે છે. એક મહિનામાં લગભગ 40 થી 50 ક્વિન્ટલ વર્મી કમ્પોસ્ટ તૈયાર થાય છે, જે હું બજારમાં વેચું છું. આના પર પીએમ મોદીજીએ કહ્યું "ઓહ વાહ, તમે એક મોટું સ્ટાર્ટઅપ ચલાવો છો' અન્ય એક મહિલાએ કહ્યું કે ગીર ગાયનું આગમન અમારા માટે ખૂબ જ શુભ છે. ! ૧૪ વર્ષ પછી અમારા ઘરમાં એક વાછરડું હતું જેને અમે પ્રેમથી હની-બન્ની કહીએ છીએ.

બીજી એક મહિલાએ જણાવ્યું કે તેની પાસે કોઈ ગાય નથી ગીર ગાય પ્રથમ વખત આવી જેના પછી પરિવાર આર્થિક સંકટમાંથી બહાર આવ્યો. જ્યાં પહેલાં કંઈ નહોતું ત્યાં હવે મહિને આઠ થી નવ હજાર રૂપિયાની આવક થાય છે. આના પર પીએમ મોદીએ હસતા હસતા કહ્યું, "જો તમે ઘરે આટલી કમાણી કરી રહ્યા છો તો તમારી દાદાગીરી વધી ગઈ હશે" આના પર મહિલાએ પણ હસીને કહ્યું કે હવે તમે મહિલાઓને સશક્તિકરણ તરફ લઈ જઈ રહ્યા છો, હું તમારો આભાર માનુ છું.

### ગીર ગાય મહિલા પશુપાલકોના પરિવાર માટે નસીબદાર

સંવાદમાં પીએમ મોદીએ મહિલા પશુપાલકોને મુંહપકા અને ખુરપકા રોગથી બચવા માટે સરકાર દ્વારા ચલાવવામાં આવતા રસીકણ અભિયાન વિશે માહિતી આપી હતી અને કહ્યું હતું કે આ રસીકરણ નિયમિતપણે કરાવવું જોઈએ. મોદીજીએ કહ્યું કે ખેડૂત પરિવારની બહેનોને બે-ત્રણ વર્ષ પહેલા સ્વદેવી નસ્લની દેશી ગાય આપવામાં આવી હતી. જેનો હેતુ પૂર્વાંચલમાં દેશી ગાયોની વધુ સારી નસલ વિશે માહિતી વધારવાનો અને ખેડૂતો અને પશુપાલકોને લાભ આપવાનો હતો. આજે અહીં ગીર ગાયોની સંખ્યા ૩૫૦ ની આસપાસ પહોંચી ગઈ છે. અગાઉ જ્યાં સામાન્ય ગાય ૫ લિટર દૂધ આપતી હતી, ત્યાં ગીર ગાય ૧૫ લિટર દૂધ આપે છે. જેના કારણે બહેનોને દર મહિને હજારો રૂપિયાની વધારાની આવક થઈ રહી છે.



# બનાસ કાશી સંકુલના લોકાર્પણ પ્રસંગે ચેરમેન શ્રી શંકરભાઈનું પ્રોત્સાહક સંબોધન



વારાણસી ખાતે નવનિર્મિત બનાસ કાશી સંકુલના લોકાર્પણ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની અધ્યક્ષતામાં અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથજીની વિશેષ ઉપસ્થિતિમાં આયોજિત ભવ્ય જાહેરસભાને સંબોધતા બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ આનંદ વ્યક્ત કરતાં કહ્યું હતું કે પશુપાલકો અને ખેડૂતોની સંસ્થા એવી બનાસ કાશી સંકુલ, વારાણસીનું લોકાર્પણ વિશ્વ નેતા અને દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનાં શુભહસ્તે થવું એ ઐતિહાસિક અને આંદની ક્ષણ છે, આનાથી મોટું આપણું સૌભાગ્ય શું હોઈ શકે.

થોડા વર્ષો પહેલા મોદીજીએ જણાવ્યું હતું કે જો ગુજરાતમાં દૂધ ક્રાંતિ અમૂલ કરી શકે છે તો ઉત્તર પ્રદેશમાં પણ દૂધ ક્રાંતિની શરૂઆત થવી જોઈએ અને તેનો ફાયદો સ્થાનિક પશુપાલકોને મળવો જોઈએ. મોદીજીની આ વાતને બનાસ પરિવારે એક મંત્ર તરીકે સ્વીકારીને વારાણસી સહીત અન્ય શહેરોમાં બનાસ ડેરીનાં પ્લાન્ટ કાર્યરત કર્યા છે. આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનાં નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ડેરીનાં માધ્યમથી એક નવી ક્રાંતિ પુરા પૂર્વાંચલમાં આવી છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ મોદીજીનાં નેતૃત્વમાં થયેલ સહકારથી સમૃદ્ધિનાં સંકલ્પને સાકાર થતાં જોઈને પ્રસંશા સ્વરૂપે જણાવ્યું હતું કે મોદીજીની નિતી, નિયમ અને નેતૃત્વ થકી સહકારિતામાં સકારાત્મક બદલાવ અને પરિવર્તન આવ્યું છે. આપણી અમૂલની રચના ૫૦ વર્ષ પહેલા થઈ હતી પરંતુ ૩૦ વર્ષો સુધી સંસ્થાની ઈન્કમ ૨૮૮૧ કરોડ રૂપિયા હતી. પરંતુ શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના મુખ્યમંત્રી બન્યા પછી માત્રને માત્ર ૨૦ વર્ષની અંદર સંસ્થાની ઈન્કમ ૮૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ થઈ છે. આ એટલા માટે શક્ય બન્યું કે શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કદમથી કદમ મિલાવીને સાથ સહકાર આપ્યો, વિકાસ કરવામાં સ્વતંત્રતા આપી અને વિઝનરી નેતૃત્વ આપ્યું. બનાસ ડેરીએ ઉત્તર પ્રદેશની અંદર શ્વેતક્રાંતિની શરૂઆત કરી દીધી છે. જેના પરિણામ સ્વરૂપે આ વર્ષે બનાસ ડેરીએ ઉત્તર પ્રદેશના પશુપાલકોને ૨ હજાર કરોડ રૂપિયા આપ્યા છે. તો જે ક્રાંતિ વર્ષ પહેલા જ્યારે મોદીજી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારે આવી હતી, એ જ ક્રાંતિ હવે ઉત્તર પ્રદેશમાં થઈ શકી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ સમગ્ર પૂર્વાંચલમાં દૂધ ક્રાંતિ કરવાનું, મહિલા પશુપાલકને સમૃદ્ધ અને આત્મનિર્ભર બનાવવાનું સ્વપ્ન સેવ્યું છે, જેને બનાસ ડેરી પરિવાર સાકાર કરશે. પહેલા રોજગારી અર્થે જે લોકો આ વિસ્તાર છોડીને દિલ્હી-મુંબઈ જેવી જગ્યાએ સ્થાયી થયા હતા, એ લોકો આજે ઉત્તર પ્રદેશમાં પાછા ફરીને પશુપાલન થકી લાખો રૂપિયાની કમાણી કરતાં થયા છે. અમુક લોકોએ તો વાર્ષિક ૨૦ થી ૨૫ લાખ સુધીની આવક પ્રાપ્ત કરી છે. જે લોકો મહિને ૫૦ હજારની નોકરી કરતાં આજે એ લોકો પશુપાલન થકી મહિને ૨ થી ૩ લાખ સુધીની આવક પ્રાપ્ત કરી રહ્યાં છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ જે જે કામ સોપ્યું, જે પણ આહ્વાન કર્યા તેને બનાસ ડેરીએ સાકાર કરવાનો સંપૂર્ણ પ્રયાસ કર્યો છે. મોદીજીએ ગોબરધન માટે કામ કરવાનું શરૂ કરવા કહ્યું, બનાસ ડેરીએ મધની ખેતી કરી અને દૂધની સાથે પશુપાલકોને મધ ભરીને આવક પ્રાપ્ત કરવા સક્ષમ બનાવ્યા. મોદીજીના નેતૃત્વમાં જે પણ કાર્યો અને ક્રાંતિ ગુજરાતમાં આવી છે. એ બધા જ કાર્યો અને ક્રાંતિ ઉત્તર પ્રદેશની અંદર આવશે. વર્તમાન સમયમાં ૩ લાખ લીટર દૂધનું સંપાદન થઈ રહ્યું છે, પરંતુ જલ્દી જ આ આંકડાને પાર કરીને ૧૫ લાખ લીટર સુધી પહોંચી જશે. તે ઉપરાંત માત્ર ૨ વર્ષની અંદર જ ઉત્તર પ્રદેશના પશુપાલકોની ઈન્કમ ૨ હજાર કરોડ રૂપિયા સુધી પહોંચી જશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની ઉપસ્થિતિમાં વિકાસલક્ષી કાર્યોની વાત કરવામાં આવે તો તે "મોદીજીની ગેરંટી" બની જાય છે અને ગેરંટીની પણ ગેરંટી બની જાય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ જે માર્ગદર્શન પશુપાલક અને ખેડૂતોને આપ્યું છે તેના થકી ૩.૫ લાખ પરિવાર આત્મનિર્ભર બનશે અને એના માટે બનાસ ડેરી પરિવાર દિવસ-રાત પ્રયાસ, પરિશ્રમ અને પુરૂષાર્થ કરશે.



**બનાસ કાશી સંકુલ હજારો નવી રોજગારીની તકો ઉભી કરશે, ૩ લાખથી વધુ ખેડૂતોની આવકમાં વધારો કરશે, બનારસની પ્રખ્યાત મીઠાઈઓને દેશના ખૂણે ખૂણે સુધી પહોંચાડવામાં બહુ મોટી ભૂમિકા ભજવશે, પશુ આહાર સંબંધિત દુકાનદારો અને સ્થાનિક વિતરકોનો વ્યાપ પણ વધારશે તેમજ વિસ્તાર અને પશુપાલકોને સમૃદ્ધ અને આત્મનિર્ભર બનાવશે.**

**- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી**



## બનાસકાંઠાની સંસ્કૃતિ સમાન પાઘડી પહેરાવીને આપણા સૌના માર્ગદર્શક, વૈશ્વિક નેતા અને દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું વારાણસી ખાતે સ્નેહભર્યું સ્વાગત કરતાં ચેરમેન શ્રી શંકરભાઈ






# પશુઓના આરોગ્યની ચિંતા કરતી બનાસ ડેરી

પશુઓમાં જોવા મળતો ખરવા-મોવાસા એક વિષાણુજન્ય રોગ છે, જેનો કોઈ ઈલાજ નથી ફક્ત રસીકરણ દ્વારા જ તેને નિયંત્રણ લઈ શકાય છે. પશુધનના આરોગ્ય અને પશુપાલકોના આર્થિક નુકશાનની ચિંતા કરી ખરવા-મોવાસાના રોગને નાથવા માટે ભારત સરકાર, ગુજરાત સરકાર અને બનાસ ડેરી દ્વારા પશુઓને ૧૦૦ ટકા રસી મૂકવા માટેની કામગીરી જિલ્લાભરમાં શરૂ કરેલ છે. જે હેઠળ અત્યારસુધીમાં કુલ ૯,૦૯,૮૪૩ FMD રસીકરણ થયેલ છે.

બનાસ ડેરીએ બનાસકાંઠા જિલ્લાની તમામ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને ખરવા-મોવાસા રોગ અંગે જાગૃતતા ફેલાવતા જણાવ્યું છે કે પશુઓમાં થતો વિષાણુ જન્ય ખરવા-મોવાસા ચેપીરોગની પશુઓને અસર થાય ત્યારે પશુની તંદુરસ્તી પણ કાયમી ધોરણે બગડે છે અને પશુપાલકોને ઘણું જ આર્થિક નુકશાન ભોગવવું પડતું હોય છે. બનાસડેરીની બનાવટો વિદેશોમાં નિકાસ કરવા માટે ખરવા-મોવાસા રોગ મુક્ત પશુના દૂધમાંથી બનેલ હોવી જરૂરી છે. પશુપાલકોના પશુઓને ખરવા-મોવાસાના રોગથી થતું નુકસાન અટકાવવા ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા "ખરવા-મોવાસા" રોગ નાબુદીકરણ કાર્યક્રમ અમલમાં મુકેલ છે. આ કાર્યક્રમ દ્વારા સંઘના નિયામક મંડળે બનાસ ડેરીના કાર્યક્ષેત્રમાં ૧૦૦% પશુઓને રસી મુકવાનું નક્કી કરેલ છે.

આ રોગ આવ્યા પછી તેની કોઈ ચોક્કસ સારવાર હોતી નથી, પરંતુ આવતો અટકાવવા માટે રોગ આવ્યા પહેલાં સમયસર રસીકરણ જ એક માત્ર ઉપાય છે. આ રસી ગાભણ પશુ/છ માસથી ઉપરના બચ્ચઓ/રોગથી અસરગ્રસ્ત સિવાયના તમામ પશુઓને આપવાની થાય છે. હાલના સંજોગોમાં છુટા છવાયા આ રોગના કેસ જોવા મળે છે તો તેવી જગ્યાએ પશુપાલકોએ બીમાર પશુને અલગ કરી દેવું, પાણી-ખોરાક અલગ થી આપવા, પશુ વધુ બીમાર જણાય તો તાત્કાલિક બનાસ ડેરીનાં વેટનરી ડોક્ટરનો સંપર્ક કરવા બનાસ ડેરીએ જિલ્લાનાં પશુપાલકોને જણાવ્યું છે.

વર્ષ ૨૦૨૪ માં પણ ખરવા-મોવાસા રોગના અસરકારક નિયંત્રણ માટે ભારત સરકારે સમગ્ર જિલ્લામાં ખરવા-મોવાસા નાબુદીકરણના ભાગરૂપે વિના મૂલ્યે રસી ફાળવી રસીકરણ કાર્યક્રમનું અભિયાન હાથ ધરેલ છે. સંઘ સંચાલિત બીજદાન કેન્દ્રો ધરાવતી મંડળીઓના ચેરમેન/મંત્રીશ્રી/બીજદાન કર્મચારીશ્રીએ સદર અભિયાન અંતર્ગત અંગત રસ લઈ પોતાના તેમજ આજુબાજુના ગામના દૂધ ન ભરાવતા સહીત તમામ પશુપાલકોના પશુઓ જેવા કે ગાય/ભેસ તેમજ બળદ સહિતને ખરવા - મોવાસા રસી ફરજિયાત મુકાવે તેવી બહોળી પ્રસિધ્ધિ કરી જરૂર મુજબની રસી લગત તાલુકા સ્થળે બીજદાન કર્મચારીશ્રીએ સદર અભિયાન અંતર્ગત અંગત રસ લઈ પોતાના તેમજ આજુબાજુના ગામના દૂધ ન ભરાવતા સહીત તમામ પશુપાલકોના પશુઓ જેવા કે ગાય/ભેસ તેમજ બળદ સહિતને ખરવા - મોવાસા રસી ફરજિયાત મુકાવે તેવી બહોળી પ્રસિધ્ધિ કરી જરૂર મુજબની રસી લગત તાલુકા સ્થળે બીજદાન કર્મચારીશ્રીએ મીટીંગમાં આવી રસી મેળવી પશુચિકિત્સકના માર્ગદર્શન હેઠળ ૧૦૦% રસીકરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

### ખરવા-મોવાસા રોગને અટકાવવાના ઉપાય.

આથી બનાસ ડેરી સંચાલિત તમામ દૂધ મંડળીઓના કાર્યવાહકોને જણાવવાનું કે પશુપાલકોના પશુઓને ખરવા-મોવાસાના રોગથી થતું નુકસાન અટકાવવા ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા ખરવા-મોવાસા રોગ નાબુદીકરણ કાર્યક્રમ અમલમાં મુકેલ છે. જેના ભાગરૂપે સમયસર પશુઓને રસીકરણની કામગીરી કરેલ છે. તેમ છતાં હાલમાં જીલ્લાની આજુબાજુ અને બોર્ડર વિસ્તારમાંથી રોગિષ્ટ પશુઓ તેમજ ઘેટાં-બકરાની અવરજવર થવાથી આ રોગના જિલ્લામાં છુટાછવાયા કેસ જોવા મળે છે જેના તકેદારીના ભાગરૂપે જે દૂધ ઉત્પાકોના પશુઓમાં રોગ આવેલ હોય તો તેને અટકાવવા માટે નીચે મુજબના જરૂરી પગલાં હાથ ધરવા વિનંતી છે.



### રોગના મુખ્ય લક્ષણો :

- પશુને વધારે તાવ આવે છે.
- મોઢામાંથી સતત લાળ પડે છે.
- મોઢામાં અને પગમાં ચાંદા પડે છે.
- દૂધ ઉત્પાદનમાં ઘટાડો જોવા મળે છે.

### અટકાવવા માટેના ઉપાય

- પશુને બાંધવાની જગ્યા સ્વચ્છ રાખવી પશુ રહેઠાણ અથવા વાડામાં ખાવાના સોડાના વહાણનો છંટકાવકરવો.
- અસરગ્રસ્ત પશુને અન્ય પશુઓથી અલગ પવનની વિરુધ્ધ દિશામાં બાંધવું અને સંક્રમિત પશુને ખોરાક અને પાણી અલગ આપવું.
- અસરગ્રસ્ત પશુને લીલું કુણું ઘાસ અને દાણ પલાળીને ખવડાવવું.
- રોગગ્રસ્ત પશુને નીરણ કરેલ જેમાંથી વધેલું પસ, પાણી વગેરેનો નાશ કરવો કે બાળી નાખવું.
- અસરગ્રસ્ત વિસ્તારમાં પશુઓને ચરાવવા લઈ જવાનું ટાળવું
- અસરગ્રસ્ત પશુઓને ખાવાના સોડા દૈનિક ૫૦ ગ્રામ આપવાનું રાખવું.
- બનાસ શીતલ પાવડરનું અડધું પેકેટ સવારે અને અડધુ પેકેટ સાંજે ત્રણ દિવસ સુધી લીલા ટોપરાના છીણ સાથે ખવરાવવું (સંઘ દ્વારા દૂધ મંડળી ઉપર બનાસ શીતળ પાવડર ઉપલબ્ધ કરવામાં આવશે)
- ઝીંક ગ્લાયસીનેટ પાવડર દરરોજ ૧૦ ગ્રામ પ્રમાણે પાંચ દિવસ ખવરાવવો. (કુલ ૫૦ ગ્રામનું પેકેટ).
- પશુઓની રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે મિનરલ મિક્ચર પાવડર ખવરાવવો.
- હાલમાં નવીન/અજાવથા પશુઓની ખરીદી કરવી નહી અથવા ખરીદી કરતી વખતે સ્ત્રીકરણ અંગેની ખાતરી કરવી.
- પશુબાંધવાની જગ્યાએ બિન જરૂરી લોકોની અવર-જવર ટાળવી.
- ખરીદી કરેલ પશુને બીજા પશુઓથી ૧૫ દિવસ સુધી અલગ રાખ્યા પછી અન્ય પશુઓ સાથે રાખવું. ચેપગ્રસ્ત પશુને દોહવાનું છેલ્લે રાખવું અને દોહ્યા બાદ તેમજ સારવાર કરાવ્યા બાદ હાથ સાબુથી ધોવાનું રાખવું.
- પ્રાથમિક સારવારમાં ખરીઓને ફટકડી અથવા પોટેશીયમ પર મેગેનેટ નાગર મદ્રાવણથી સાફ કરી એન્ટિસેપ્ટિક મલમ/ડામર લગાવવી.
- જીવડાપડી ગયા હોય તો ટર્પેન્ટાઈનના તેલનો ઉપયોગ કરવો.
- મોમાં હળદર અને માખણ /ખાદ્યતેલ/મધ/ગ્લિસરીન મિશ્ર કરીને મોઢામાં લગાવવાથી રાહત થાય છે.
- નાની ધાવતી પાડી વાછરડીને રોગ ગ્રસ્ત ગાય/ભેંસને ધવડાવવી નહી અને અન્ય ગાય/ભેસનું દુધ આપવું.
-





# બનાસ ડેરીમાં યોજાયો રોડ સેફ્ટી અને ટ્રાફિક નિયમોની જાગૃતતા માટેનો સ્પેશ્યલ કાર્યક્રમ





ટ્રાફિકનું પાલન કરવાની સરળ અને જાગૃત ગાઈડલાઈનનો અભાવ હોવાનાં કારણે આજે રાજ્યમાં ટ્રાફિકની સમસ્યા વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરતી જાય છે. ત્યારે હાલમાં સમગ્ર રાજ્યમાં રોડ સેફટી ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. તેવામાં પાલનપુર શહેર ટ્રાફિક પોલીસ દ્વારા બનાસ ડેરીનાં અન્નપૂર્ણા ભવન ખાતે વાહન ચાલકોમાં ટ્રાફિકના નિયમો અંગે જાગૃતતા આવે તે માટે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

રોડ સેફટી અંતર્ગત આ ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષે અન્ય કારણો કરતાં સૌથી વધુ મૃત્યુ રોડ અકસ્માતમાં લોકોના થતા હોય છે, ત્યારે લોકોના જીવ બચાવવા માટે આર.ટી. વિભાગ અને પોલીસ કર્મચારીઓ દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને તેના જ ભાગરૂપે રોડ સેફટી અવેરનેસ લોકો વચ્ચે ફેલાવવામાં આવી રહી છે. રોડ સેફટી અને ટ્રાફિકના નિયમો વાહન ચાલકોની સુરક્ષા અને અકસ્માતો અટકાવી શકાય તે હેતુંથી બનાવેલા હોય છે. પરંતુ, તે નિયમોનું પાલન કરવામાં આવતું નથી. આ કારણે સતત અકસ્માતોનું પ્રમાણ વધતું જાય છે. ત્યારે, અકસ્માતોનું પ્રમાણ ઘટે અને ટ્રાફિકના નિયમો પ્રત્યે જાગૃતિ કેળવાય તે માટે ટ્રાફિકનાં નિયમો અંગે જાગૃતતા ફેલાવવા ઉમદા હેતુ સાથે બનાસ ડેરીના કર્મચારીઓની હાજરીમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે બનાસ ડેરી દ્વારા પણ સેફટી માટેનો વિભાગ બનાવવામાં આવેલો છે તે વિવિધ પ્રકારની સેફટીઓ પ્રત્યે જાગૃતતા ફેલાવતા રહે છે.





# બનાસ ડેરીનાં પટાંગણમાં સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ સાથે યોજાઈ ભગવાન શ્રી દુધેશ્વર મહાદેવનાં મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા



એશિયાની સૌથી મોટી અને પશુપાલકોની જીવાદોરી સમાન બનાસ ડેરીનાં પટાંગણમાં આવતા ખેડૂતો, પશુપાલકો, કર્મચારીઓ અને કામદારોનાં મનને શાંતિ અને કામગીરી સાથે આધ્યાત્મિકતાનું વાતાવરણ ઉભુ થાય એવા ભક્તિમય વિચાર સાથે વિશાળ, દિવ્ય અને પાવન દુધેશ્વર મહાદેવનાં મંદિરનું નિર્માણ કરાયું હતું. જેની પ્રાણપ્રતિષ્ઠા ૭ ફેબ્રુઆરી ૨૦૨૦ ના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના વરદ હસ્તે કરવામાં આવી હતી. ચાલુ વર્ષ ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૪ નાં રોજ થી પ્રાણપ્રતિષ્ઠાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં બનાસ ડેરીનાં કર્મચારીઓ સહભાગી થયા હતા. તે ઉપરાંત આજુબાજુના ગામોમાંથી ભક્તો અને સાધુ મહંતો હાજર રહી શિવજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનું કહેવું છે કે બનાસ ડેરીનાં લોકો હવે કામની સાથે સાથે ધાર્મિક અને આધ્યાત્મિકતાથી મનની શાંતિ મેળવી પ્રસન્ન રહે છે.

બનાસ ડેરીનાં કર્મચારીઓએ ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૪ નાં રોજ બનાસ ડેરીની પવિત્ર ભૂમિના પટાંગણમાં શ્રી દુધેશ્વર મહાદેવ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત આયોજીત મહાયજ્ઞમાં હાજરી આપી સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ સાથે શ્રી દુધેશ્વરનાં ચરણોમાં પૂજા-અર્ચના કરી આશિર્વાદ પ્રાપ્ત કર્યા અને ધન્યતા અનુભવી હતી.









# વડપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનની સુવર્ણ જયંતીની કરાઈ ભવ્ય ઉજવણી




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૪ નાં રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત કો ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF) ની ગોલ્ડન જયુબિલીની ઉજવણી કરવામાં આવી હતી. રાજ્યભરમાંથી એક લાખથી વધુ ખેડૂતો, દૂધ ઉત્પાદકો, સહકારી અગ્રણીઓ સહિત પશુપાલકો આ ભવ્ય ઉજવણીનાં પ્રસંગમાં ઉપસ્થિત રહ્યાં હતા. બનાસ ડેરીનાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી પણ આ ઉજવણીમાં સહભાગી બનીને સહકારી ક્ષેત્રની વિકાસની હરણકાળનાં સાક્ષી બન્યા હતા.

GCMMFને અમૂલ ફેડરેશન તરીકે પણ ઓળવામાં આવે છે. તે વિશ્વની સૌથી મોટી ખેડૂતની માલિકીની ડેરી સહકારી સંસ્થા છે તથા ગુજરાતમાં ડેરી સહકારી સંઘોની સર્વોચ્ચ સંસ્થા છે, જે અમૂલ બ્રાન્ડ હેઠળ ડેરી ઉત્પાદનોનું માર્કેટીંગ કરે છે. GCMMF ૯ જુલાઈ, ૧૮૭૩ ના રોજ અસ્તિત્વમાં આવ્યું હતું, જ્યારે અમૂલ બ્રાન્ડ નામ હેઠળ દૂધ અને દૂધની બનાવટોનું માર્કેટિંગ કરવા માટે ભારતના મિલ્કમેન ડો. વર્ગીસ કુરિયાનના નેતૃત્વ હેઠળ છ દૂધ સંઘો એક સાથે આવ્યા હતા. અમૂલ ફેડરેશન સાથે હાલમાં ગુજરાતના ૧૮ દૂધ સંઘો સાથે ૧૮,૬૦૦ ગામોના ૩૬ લાખથી વધુ ખેડૂતો સંકળાયેલા છે. અમૂલ ફેડરેશનનાં દૂધ સંઘો દરરોજ ૩ કરોડ લિટરથી વધુ દૂધની ખરીદી કરે છે. અમૂલ ફેડરેશન ૫૦ થી વધુ દેશોમાં નિકાસ કરવા ઉપરાંત સમગ્ર ભારતમાં ૮૬ શાખાઓ, ૧૫,૦૦૦ વિતરકો અને ૧૦ લાખ રિટેલર્સના નેટવર્ક દ્વારા ૫૦ થી વધુ ડેરી ઉત્પાદનનું માર્કેટીંગ કરે છે.

ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનને તેની સુવર્ણ જયંતિ પર શુભેચ્છાઓ પાઠવતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, ૫૦ વર્ષ પહેલા ગુજરાતનાં ગામોએ મળીને સહકારી ક્ષેત્રે જે છોડ વાવ્યો એ આજે વિશાળ વટવૃક્ષ બની ગયું છે અને તેની શાખાઓ દેશ વિદેશમાં ફેલાઈ છે. અમૂલ વિશ્વની નંબર વન ડેરી બને એ માટે સરકાર તમામ સહયોગ આપશે, એ મોદીની ગેરંટી છે, એવુ તેમણે ઉમેર્યું હતું. વધુમાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે આઝાદી પછી દેશમાં ઘણી બધી બ્રાન્ડ બની, પરંતુ અમૂલનો વિકાસ અભૂતપૂર્વ રહ્યો છે, અમૂલ જેવું કોઈ નહીં એમ કહેતા વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, આજે અમૂલ દેશના પશુપાલકોના સામર્થ્યની ઓળખાણ બની ગયું છે. અમૂલ અને



શ્વેતક્રાંતિની સફળતાની વાત કરતાં દેશના પશુધનના યોગદાનને યાદ કરીને વડાપ્રધાનશ્રીએ પશુધનની વંદના કરી હતી. અમૂલને એક બ્રાન્ડની સફળતાનો ઉત્તમ પર્યાય ગણાવતા વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, અમૂલ એટલે વિશ્વાસ, અમૂલ એટલે વિકાસ, અમૂલ એટલે લોકભાગીદારી, અમૂલ એટલે ખેડૂતોનું સશક્તીકરણ, અમૂલ એટલે સમય સાથે આધુનિકતાની સ્વીકાર્યતા, અમૂલ એટલે આત્મનિર્ભર ભારત માટેની પ્રેરણા, અમૂલ એટલે મોટા સપના, મોટા સંકલ્પો અને મોટી સિદ્ધિઓ અમૂલના ઉદભવ અંગે વાત કરતા વડાપ્રધાનને જણાવ્યું કે, અમૂલનો પાયો શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના માર્ગદર્શનમાં ખેડા મિલ્ક યુનિયન સ્વરૂપે નખાયો હતો. સમયની સાથે સાથે ડેરી સહકારિતા ગુજરાતમાં વ્યાપક ક્ષેત્રે ફેલાઈ અને ક્રમશઃ ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનનું નિર્માણ થયું. આજે પણ અમૂલ સરકાર અને સહકારના તાળમેળનું ઉત્તમ ઉદાહરણ છે, એમ તેમણે ઉમેર્યું હતું. GCMMF અને અમૂલે સાધેલા વિકાસ અંગે વધુમાં વાત કરતા વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, દૂરંદેશી વિચારો સાથે લીધેલા નિર્ણયો કેવી રીતે આવનારી પેઢીનું ભાગ્ય બદલી શકે તેનું ઉત્તમ ઉદાહરણ અમૂલ છે.

અમૂલના વિકાસમાં મહિલા શક્તિના યોગદાન વિશે વાત કરતા વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, આજે અમૂલ જે સફળતાની ઊંચાઈ પર છે તે ફક્ત મહિલાશક્તિના કારણે છે. આજે જ્યારે ભારત "વિમેન લેડ ડેવલોપમેન્ટ'' ના મંત્ર સાથે આગળ વધી રહ્યું છે ત્યારે ભારતના ડેરી સેક્ટરની આ સફળતાના દેશ માટે મોટી પ્રેરણા બની રહેશે. નારીશક્તિના સશક્તીકરણ પર ભાર મૂકી વડાપધાનશ્રીએ કહ્યું હતું કે, દેશને વિકસિત બનાવવા માટે દેશની પ્રત્યેક મહિલા આર્થિક રીતે સશક્ત બને તે જરૂરી છે. એટલે જ અમારી સરકાર મહિલાઓની આર્થિક શક્તિ વધે તે દિશામાં કામ કરી રહી છે. મહિલાઓની આર્થિક શક્તિ વધારવા માટે શક્ય તમામ પ્રયાસો કરવામાં આવ્યા છે. મુદ્ર લોન હોય કે પીએમ આવાસ યોજના, દરેક યોજનામાં નારી શક્તિને અગ્રતા આપવામાં આવી રહી છે, એવું તેમણે ઉમેર્યું હતું.

ખેડૂતોના વિકાસ માટે કરવામાં આવેલા કાર્યો વિશે વાત કરતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, ખેડૂતોનું જીવન કેવી રીતે સારૂ બને તે હંમેશાથી અમારો લક્ષ્યાંક રહ્યો છે. પશુપાલનનો વ્યાપ કેવી રીતે વધે, પશુઓનું સ્વાસ્થ્ય કેવી રીતે સારૂ રહે, ગામોમાં પશુપાલનની સાથે માછલીપાલન અને મધમાખી પાલનને કેવી રીતે પ્રોત્સાહન આપવું એ દિશામાં અમે સતત પ્રયાસરત છીએ એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. વડાપ્રધાનશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, અમે ગ્રામીણ ભારતના દરેક પાસાને પ્રાથમિકતા આપીને કામ કરી રહ્યા છીએ. નાના ખેડૂતોના સશક્તીકરણ માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અમારી સરકાર અન્નદાતાને ઉર્જાદાતા બનાવવાની સાથે સાથે ઉર્વરકદાતા (ખાતરદાતા) બનાવવા પર ભાર મૂકી રહી છે, એવું તેમણે ઉમેર્યું હતું.

ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનની ગોલ્ડન જ્યુબિલી ઉજવણી સંદર્ભે બનાસ ડેરીનાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં "સહકાર થી સમૃદ્ધિ'' નો ધ્યેય ચરિતાર્થ કરતો આજનો આ પ્રસંગ છે. દેશના અમૃતકાળમાં સહકારથી સમૃદ્ધિ દ્વારા રામરાજ્યની મોદીની ગેરંટી છે. ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન અમૃતકાળમાં પોતાનો સુવર્ણ જયંતી મહોત્સવ મનાવી રહ્યું છે, એ સુભગ સંયોગ પણ છે. એટલું જ નહીં, સહકારી ક્ષેત્રની તાકાત કેટલી પ્રભાવશાળી છે, એ આજનો અવસર દર્શાવે છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ અતુટ વિશ્વાસ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શન માં દેશના અમૃત કાળ માં ભારતનું દૂધ ઉત્પાદન સહકારી ક્ષેત્ર વધુ ઉન્નત બની વિશ્વ ખ્યાતિ હાંસલ કરશે. આપણે ત્યાં પશુપાલન એ ખેતીનો પૂરક વ્યવસાય પણ બની રહ્યો છે, દેશને વિશ્વની સૌથી મોટી પાંચમી આર્થિક મહાસત્તા બનાવવા માટે દૂધ ઉત્પાદક - સહકારી ક્ષેત્રએ પણ મોટું યોગદાન આપ્યું છે. "માસ પ્રોડક્શનને બદલે પ્રોડક્શન બાય માસ" એ ગુજરાતમાં દૂધ ઉત્પાદન અને સહકારી ક્ષેત્રની આગવી ઓળખ બન્યું છે. દૂધ ઉત્પાદકોને દરરોજનું રૂપિયા ૧૫૦ કરોડ થી વધુનું પેમેન્ટ ડીબીટીથી કરીને વડાપ્રધાનશ્રીની ડિજિટલ ભારતીન નેમ સાકાર થઈ રહી છે. વડાપ્રધાન મોદીની દીર્ઘદૃષ્ટિ અને અથાગ પરિશ્રમ થકી દેશે અનેક ક્ષેત્રે વિકાસ હાંસલ કરી વિશ્વસમાં પ્રતિષ્ઠા મેળવી છે. આજે દેશમાં સૌથી મોટા દૂધ ઉત્પાદક તરીકે ગુજરાતની ગણતરી થાય છે તે ગૌરવની વાત છે. કૃષિ, પશુપાલન, ગ્રામ ઉત્થાનના સર્વસમાવેશી પેટર્નને શ્રી નરેન્દ્રભાઈ એ વિકસાવી છે અને દેશમાં પ્રથમવાર સહકાર મંત્રાલય કાર્યરત કર્યું છે. ગુજરાત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને ડબલ એન્જિન






સરકારનો ડબલ લાભ મેળવી સહકારી દૂધ ઉત્પાદક ક્ષેત્રે અગ્રેસર બન્યું છે. બે દાયકામાં દૂધ ઉત્પાદક સંઘોની સંખ્યા બમણી એટલે કે ૧૨ થી વધીને ૨૩ થઈ છે. ૩૬ લાખ જેટલા લોકો દૂધ ઉત્પાદન વ્યવસાય સાથે જોડાયેલા છે અને એમાંય ૧૧ લાખ જેટલી નારીશક્તિ છે. સમગ્ર ગુજરાતમાં ૧૬,૩૮૪ દૂધ મંડળીઓમાંથી ૩૩૦૦ જેટલી મંડળીઓનો સંપૂર્ણ કારોબાર મહિલાઓ સંભાળે છે. આમ લાખો રૂપિયાની આવક આ નારી શક્તિ મેળવી રહી છે એમ તેમણે ઉમેર્યું હતું.

આ અવસરે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ અને નવસારીના સાંસદ શ્રી સી.આર.પાટીલ સાથે સમગ્ર સ્ટેડિયમમાં ચક્કર લગાવીને ઉપસ્થિત ખેડૂતો, પશુપાલકો અને સહકારી અગ્રણીઓનું અભિવાદન ઝીલ્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન હેઠળના વિવિધ ડેરીઓના પાંચ પ્લાન્ટનું ઇ - લોકાર્પણ કર્યું હતું. જેમા સૌ પ્રથમ અમૂલ ડેરી, આણંદના નવાઓટોમેટિક યુએચટી મિલ્ક પ્લાન્ટ, સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. ના ચીઝ પ્લાન્ટ અને મેન્યુફેક્ચરીંગ પ્લાન્ટ, કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ઓટોમેટિક આઇસ્ક્રીમ પ્લાન્ટ તથા ભરૂચ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. હેઠળ ડેરી પ્રોસેસિંગ પ્લાન્ટ, નવી મુંબઈનું ઇ-લોકાર્પણ કર્યું હતું. આ ઉપરાંત રાજકોટ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. ના રાજકોટ ડેરી વિકાસ પરિયોજનાનું પણ ઇ-લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે GCMMF નો સ્મૃતિ કોઈન પણ વડાપ્રધાનશ્રીના હસ્તે રિલીઝ કરવામાં આવ્યો હતો. અમૂલના આઇકોનિક ગીત "મંથન'' પર સુંદર સાંસ્કૃતિક કૃતિ પણ આ પ્રસંગે રજૂ કરવામાં આવી હતી, જેમાં ૫૦૦ જેટલા કલાકારો દ્વારા ગરબાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

શ્રી નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે GCMMF ના સુવર્ણ જયંતિ સમારોહની ઉજવણી પ્રસંગે રાજ્યના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, કેન્દ્રીય પશુપાલન મંત્રી શ્રી પુરૂષોત્તમ રૂપાલા, સાંસદ શ્રી સી.આર.પાટીલ, વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી, સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા, વિધાનસભા ઉપાધ્યક્ષ શ્રી જેઠાભાઈ આહિર તથા રાજ્યની વિવિધ સહકારી સંસ્થાઓના પદાધિકારીઓ અને આગેવાનો સહિત મોટી સંખ્યામાં પશુપાલકો, ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.



# ડેરી સેક્ટર સાથે સંકળાયેલી સૌ નારીશક્તિને વંદનઃ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી એ GCMMT ની સુવર્ણ જયંતી પ્રસંગે જનસભાને સંબોધતા જણાવ્યું હતું ભારતના ડેરી ક્ષેત્રની એક સૌથી મોટી વિશેષતા છે, જેની બહુ ચર્ચા થતી નથી. આજે આ ઐતિહાસિક અવસર પર, હું આ વિષય પર વિગતવાર ચર્ચા કરવા માંગુ છું. ૧૦ લાખ કરોડના ટર્નઓવર સાથે ભારતમાં ડેરી સેક્ટરની મુખ્ય ચાલક દેશની મહિલા શક્તિ છે. આપણી માતાઓ છે, આપણી બહેનો છે, આપણી દીકરીઓ છે. જો આજે દેશમાં ડાંગર, ઘઉં અને શેરડીનો સમાવેશ કરવામાં આવે તો પણ આ પાકોનું ટર્નઓવર ૧૦ લાખ કરોડ રૂપિયા નથી. જ્યારે ૧૦ લાખ કરોડનું ટર્નઓવર ધરાવતા ડેરી સેક્ટરમાં ૭૦ ટકા કામ આપણી માતાઓ, બહેનો અને દીકરીઓ કરે છે. ભારતના ડેરી ક્ષેત્રની વાસ્તવિક કરોડરજ્જું, આ મહીલાઓ શક્તિ છે. અમૂલ આજે સફળાતની શિખરે છે માત્ર મહિલા શક્તિના કારણે છે. આજે જ્યારે ભારત મહિલા નેતૃત્વ વિકાસના મંત્ર સાથે આગળ વધી રહ્યું છે, ત્યારે ભારતના ડેરી ક્ષેત્રની આ સફળતા તેના માટે મોટી પ્રેરણા છે. હું માનું છું કે ભારતના વિકાસ માટે ભારતની દરેક મહિલાની આર્થિક શક્તિ વધારવી પણ એટલી જ જરૂરી છે. તેથી, આજે અમારી સરકાર પણ મહિલાઓની આર્થિક શક્તિ વધારવા માટે સર્વાંગી કાર્ય કરી રહી છે. મુદ્રા યોજના હેઠળ સરકારે આપેલા ૩૦ લાખ કરોડ રૂપિયાથી વધુના લાભાર્થીઓમાં લગભગ ૭૦ ટકા બહેનો અને દીકરીઓ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે સરકારના પ્રયાસોને કારણે છેલ્લા ૧૦ વર્ષમાં મહિલા સ્વ-સહાય જૂથો સાથે જોડાયેલી મહિલાઓની સંખ્યા ૧૦ કરોડને વટાવી ગઈ છે. છેલ્લા ૧૦ વર્ષમાં ભાજપ સરકારે તેમને ૬ લાખ કરોડ રૂીપયથી વધુની આર્થિક મદદ કરી છે. સરકારે PM આવાસ યોજના હેઠળ દેશમાં જે ૪ કરોડથી વધુ મકાનો આપ્યા છે તેમાંથી મોટાભાગના ઘર મહિલાઓના નામે છે. આવી અનેક યોજનાઓને કારણે આજે સમાજમાં મહિલાઓની આર્થિક ભાગીદારી વધી છે. તમે નમો ડ્રોન દીદી અભિયાન વિશે સાંભળ્યું જ હશે. આ અભિયાન અંતર્ગત શરૂઆતમાં ગામડાઓના સ્વ-સહાય જૂથોને ૧૫ હજાર આધુનિક ડ્રોન આપવામાં આવી રહ્યા છે. નમો ડ્રોન દીદીઓને પણ આ આધુનિક ડ્રોન ઉડાવવાની તાલીમ આપવામાં આવી રહી છે. એ દિવસ દૂર નથી જ્યારે નમો ડ્રોન દીદીઓ જંતુનાશકોના છંટકાવથી લઈને ખાતર સુધી દરેક ગામમાં મોખરે હશે.



# શક્તિપીઠ અંબાજીમાં જગતજનની માઁ અંબાના દર્શન કરી જીવમાત્રના કલ્યાણ અર્થે પ્રાર્થના કરતા ચેરમેન શ્રી શંકરભાઈ





પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે ૧૨ થી ૧૬ ફેબ્રુઆરી સુધી શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત, દેશભરથી ખૂબ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ માતાજીના દર્શ કરવા અંબાજી ધામે પધાર્યા હતા. "શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૪" અંતર્ગત આયોજિત લાખો ઝગમગ દીવડાઓની મહાઆરતી અને માતાજીના દર્શન કરવાનો ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીને સુવર્ણ અવસર પ્રાપ્ત થયો હતો. તે ઉપરાંત યાત્રાધામ અંબાજી ખાતે ગબ્બર પર અનેક બાળકો ભિક્ષાવૃત્તિ કરતા હતા. શ્રી શક્તિ સેવા કેન્દ્રના પ્રયાસોથી ભિક્ષાવૃત્તિ ત્યજીને શિક્ષણ તરફ વળેલા આ બાળકો દ્વારા ગબ્બરની તળેટીમાં અલૌકિક આરતી કરાવવામાં આવી, તેમાં પણ ચેરમેન શ્રી સહીત રાજ્યના મંત્રીશ્રીઓ સહભાગી થયા હતા. ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીને શ્રદ્ધા વ્યક્ત કરતાં કહ્યું હતું કે ગબ્બરની તળેટીમાં અલૌકિક આરતી કરવાનું દ્રશ્ય અતિ પાવન અને હ્રદયને સંતોષ આપે તેવું હતું !

પાવન ધામમાં લાખો દીવાઓ ઝળહળતા અદ્‌ભુત, અલૌકિક અને અવિસ્મરણીય નજારો સર્જાયો હતો. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરી સહીત ગુજરાત રાજ્યનાં મંત્રીશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓના ૫૧ શક્તિપીઠના દર્શન તેમજ ગબ્બરની તળેટી ખાતે લાખો દીવડાઓની મહાઆરતીમાં સહભાગી થવાનો લ્હાવો પ્રાપ્ત થયો. પરિક્રમા પથ પર દીવડાઓ સાથે રચાયેલી માનવ સાંકળે અદ્ભુત નજારો ઊભો કર્યો હતો.

ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીએ જણાવ્યું હતું કે ૫૧ શક્તિપીઠોના દર્શન કરવા એ દરેક માઇભક્તનું સ્વપ્ન હોય છે. આ દરેક શક્તિપીઠના દર્શન એક જ જગ્યાએ થઇ શકે તે માટે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી માતાજી મૂળ સ્થાન ગબ્બર પર્વતની ફરતે તમામ ૫૧ શક્તિપીઠોની પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી છે. તેની પરિક્રમાનો અનુભવ ખરેખર દિવ્ય છે.





# બનાસ ડેરીનું શુદ્ધ અને આરોગ્ય વર્ધક નવરસ તેલ






# બનાસ ડેરીનાં પટાંગણમાં યોજાઈ ઘાસચારા પાક બીજ ઉત્પાદન ખેડુત તાલીમ



બનાસ ડેરી દ્વારા દૂધ ઉત્પાદકોના ઉત્કર્ષ અંગેની અનેક પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે. જેમાં બનાસ ડેરીના માન. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી અને નિયામક મંડળના સભ્યશ્રીઓના નિર્ણય દ્વારા ભારત સરકારની રાષ્ટ્રીય પશુધન મિશન (NLM) યોજના હેઠળ ઘાસચારા બીજનું ઉત્પાદન કરવામાં આવે છે. તેથી બનાસડેરી દર વર્ષે ૠતુ મુજબ આપણા જિલ્લાના દૂધ ઉત્પાદકોને સારી ગુણવત્તા વાળું ઘાસચારાનું બિયારણ વ્યાજબી ભાવે મળી રહે તે હેતુથી વિવિધ પ્રકારના ઘાસચારાના બિયારણોનું પોતાના જિલ્લાના ખેડૂતો દ્વારા ઉત્પાદન કરવા માટે "ઘાસચારા બિયારણ ઉત્પાદન યોજના" અમલમાં મુકેલ છે. જે અંતર્ગત ચાલુ શિયાળું ૠતુમાં આ યોજનામાં રસ ધરાવતા કુલ ૬૧૬ ખેડૂતો પાસે કુલ ૨૩૩૦ એકરમાં ઘાસચારા પાકો જેવા કે, ઓટ,રજકા, મકાઈ તથા જુવારનું વાવેતર કરાવીને બિયારણ (બીજ) ઉત્પાદન કરાવવાનું આયોજન કરેલ છે.

ભારત સરકારની રાષ્ટ્રીય પશુધન મિશન (NLM) યોજના હેઠળ ચાલુ વર્ષે બિયારણ ઉત્પાદન સાથે સંકળાયેલ ખેડૂતોને ૨ દિવસની તાલીમનું આયોજન ૮ અને ૯/૦૨/૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ જેમાં તાલીમાર્થીઓને માર્ગદર્શન પુરૂં પાડવા માટે આણંદ કૃષિ યુનિવર્સીટીના ઘાસચારા સંશોધન કેન્દ્ર વિભાગના કૃષિ વૈજ્ઞાનિકો (૧) ડો. ડી. પી. ગોહિલ અને (૨) ડો. હિરેન કે. પટેલ તથા મુખ્ય મહેમાનમાં NDDBના અનમાલો ન્યુટ્રીશન વિભાગના વડા શ્રી ડો. રાજેશ શર્મા અને તેઓની ટીમ તથા ગુજરાત રાજ્ય બીજ પ્રમાણ એજન્સી પાલનપુર ના અધિકારી શ્રી જે. આર. ભટોળ ઉપસ્થિત રહી ખેડૂતોને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડેલ હતું.

સદર ખેડુત તાલીમનું સંપૂર્ણ આયોજન બનાસ ડેરીના ફોડર વિભાગ



દ્વારા પ્રથમ દિવસે બનાસ ડેરી પાલનપુર કેમ્પસ ખાતે અને બીજા દિવસે સણાદર ડેરી કેમ્પસ ખાતે કરવામાં આવેલ હતું જેમા ૨૮૨જેટલા ખેડૂતોએ ભાગ લીધેલ હતો.

આ તાલીમમાં કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ઘાસચારા પાકોનું વાવેતર કરવાની અને બીજ ઉત્પાદનમાં વધારો થાય તે માટે લેવાની કાળજીઓ વિષે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવેલ તથા NDDBના અધિકારી શ્રી ડો. રાજેશ શર્મા દ્વારા રાષ્ટ્રીય પશુધન મિશન (NLM) યોજના વિષે, સાઈલેજ, ટોટલ મિક્સ રાશન (TMR) વિષે ખેડૂતોને માહિતગાર કરવામાં આવેલ હતા.

નોંધ :- ઘાસચારા બિયારણ ઉત્પાદન યોજનામાં ઉત્પાદન મેળવેલ ઘાસચારાના બિયારણો જેવા કે, રજકા બાજરી, મકાઈ, જુવાર, ઓટ અને રજકાના ૠતુ પ્રમાણે મેળવવા માટે બનાસ ડેરીના ફોડર વિભાગનો સંપર્ક કરો.

## દરેક ઋતુમાં આપણા સૌની પસંદ અમૂલ આઈસ્ક્રીમ




ઉનાળાના તાપમાં ઠંડક અને તાજગીનો અહેસાસ કરાવતી અમૂલ આઈસ્ક્રીમ



# બનાસ રત્ન સ્વ. શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલના ચરણોમાં શત્ શત્ નમન



અંતરિયાળ વિસ્તારમાં રહેતા પ્રજાજનોના જીવનને સમૃદ્ધિ, સુખાકારી અને સુવિધાથી સજ્જ બનાવતા પોતાનું સંપૂર્ણ જીવન સમર્પિત કરનારા બનાસ ડેરીના આદ્યસ્થાપક સ્વ. શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલની ૧૦૬ મી જન્મજયંતિ પર એમના ચરણોમાં શત શત વંદન

તેઓશ્રીના પ્રયાસ, પરિશ્રમ અને દીર્ઘદ્રષ્ટિના કારણે આજે લાખો પશુપાલકો, ખેડૂતો અને સામાન્ય પરિવારો માટે બનાસ ડેરી જીવાદોરી બની છે.